**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૩.૫ ડીગ્રી
લઘુતમ : ૧૭.૫ ડીગ્રી
ભેજ
સવારે ૫૦ ટકા ● સાંજે ૫૬ ટકા

# ઉનાળાના આગમનના પગલે મોર્નિંગ વોકર્સ ઘટયા

ગાંધીનગર, તા.૧૭

શહેરના વાતાવરણમાં રાત્રે ઠંડી અને દિવસે ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે. આમ તો શિવરાત્રી બાદ ઠંડી વિદાય લે છે તેવું કહેવાય છે પરંતુ શહેરમાં ગરમીનો અહેસાસ થવા લાગ્યો છે. દરરોજ સવારે પહેલા ઠંડી લાગતી પણ હવેના દિવસોમાં ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે. સ્વાસ્થ્ય અને તંદુરસ્તીની જાળવણી માટે રોજ સવારે મોર્નિંગ વોક કરવા આવતા શહેરીજનોની સંખ્યામાં ઘટાડો જણાઈ રહ્યો છે.

તાજગીભરી શિયાળાની સવારમાં શહેરીજનો મોર્નિંગ વોકના વ્હારે હતા. દરરોજ શહેરના સ્વર્ણિમ પાર્ક, ગાર્ડન તથા સેકટરના રોડ-ટ્રેક પર શહેરીજનોની ભીડ જોવા મળતી પણ ઉનાળાની ગરમીનો અહેસાસ થતા જ શહેરીજનોએ મોર્નિંગ વોકમાં જવાનું ઓછું કર્યું હોય તેમ જણાઈ રહ્યું છે. હાલના દિવસોમાં સવારે સ્વર્ણિમ પાર્ક, ગાર્ડન તથા સેકટરના રોડ ઉપર કસરત કે મોર્નિંગ વોક કરનારની સંખ્યા ઘટી છે જેનું મુખ્ય કારણ બદલાતું વાતાવરણ અને ગરમીનું આગમન મનાઈ રહ્યું છે.

શહેરીજનોના કહ્યા મુજબ શિયાળાની સવારે જે તાજગીનો અહેસાસ થતો હોય તો આ ગરમીના આગમન થવાથી મિસ થતો હોય તેવું લાગી રહ્યું છે. ગરમીમાં આળસનો અનભવ વધુ થાય છે તેથી હવે અમે ઈવનિંગ વોક કરવાનું શરૂ કરીશું જેથી ઉનાળાની સાંજનો આનંદ માણી શકાય.





અત્યાર સુધી ઠંડીથી થર થર કાંપતા વસાહતીઓ ઉનાળો શરૂ થતા જ ગરમી અનુભવી રહ્યા છે અને ઠંડક મેળવવાના જાતભાતના પ્રયાસો કરી રહ્યા છે. હજી તો ઉનાળો શરૂ જ થયો છે ત્યાં શેરડીના રસના કોલા શરૂ થઈ જતાં અહીં ગ્રાહકોની ભીડ જોવા મળી રહી છે.

# જે લોન લીધી નથી તેની રીકવરી માટે એજન્ટો ઘરે આવ્યા

## અગાઉ લીધેલી લોનના ડોક્યુમેન્ટનો ઉપયોગ કરીને વધુ બે બોગસ લોન લેવાઈ

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર શહેરના સેકટર-૪ ના એક નાગરીક સાથે અજીબો ગરીબ ઘટના બનવા પામી છે. સેકટર-૪ માં વસવાટ કરતા રહીશે અગાઉ બજાજ ફાઈનાન્સમાંથી અગાઉ ફ્રીજ અને મોબાઈલની લોન લીધી હતી, ત્યારબાદ લોન ભરી દીધી હતી.ત્યારે અચાનક તેમને ત્યાં રીકવરી એજન્ટો ઉઘરાણી માટે આવ્યા હતા. જેથી તેઓએ રૂ.૨૧ અને રૂ.૪૯ હજારની લોન બોલતી હોવાથી આ અંગે પોલીસ તપાસ કરવા તેમણે અરજી કરી છે.

મળતી માહિતી મુજબ સેકટર-૪ ખાતે રહેતા ચેતનભાઈ પોપટલાલ વાળા ખાનગી નોકરી કરી ઘરનું ગુજરાન ચલાવે છે.તેમના નામે વર્ષ ૨૦૧૮માં બે લોન થયેલી છે. જો કે તેમના દાવાવ પ્રમાણે તેમને આવી કોઈપણ પ્રકારની લોન લીધી જ નથી. તેઓને ત્યાં ઉઘરાણી માટે રીકવરી એજન્ટ આવતા તેમને આ પ્રકારની લોન થઈ હોવાનું ધ્યાને આવ્યું હતું. જેથી તેમણે તપાસ કરતા બે લોન લીધા બાદ કેટલાક હપ્તા પણ ભરાયા છે ત્યારબાદ હપ્તા બંધ કરી દેવાતા હવે તેમના નામે રૂપીયા બાકી બોલે છે. અરજીકર્તા વ્યકિતના નામે તા.૩૧-૩-૧૮ ના રોજ રૂ.૨૧,૯૯૮ અને રૂ.૪૯,૯૪૦ ની લોન બોલે છે. ત્યારે અરજીકર્તાનો આક્ષેપ છે કે અગાઉ લીધેલી લોનના ડોક્યુમેન્ટનો ઉપયોગ કરીને વધુ બે લોન લેવાઈ ગઈ છે અને તેમની સાથે છેતરપિંડી થઈ છે. ત્યારે અંદરના કોઈ કર્મચારી કે એજન્ટની મદદ વિના આ શક્ય નથી. એટલે તેમણે આ અંગે તપાસ કરીને ન્યાય અપાવવાની માંગ સાથે જિલ્લા પોલીસ વડાની કચેરી અને સેકટર-૭ પોલીસ મથકે અરજી કરી છે.

# શિવરાત્રીએ સોમનાથ મહાદેવ મંદિર સે-૧૬ ખાતે પ્રહરપૂજા યોજાશે

ગાંધીનગર, તા.૧૭

સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર દ્વારા સંચાલિત સોમનાથ મહાદેવના પાટોત્સવ અને મહાશિવરાત્રી નિમિત્તે તા. ૨૧ ફેબ્રુઆરીના રોજ સે-૧૬ સ્થિત સોમનાથ મહાદેવ મંદિર ખાતે લઘુરૂદ્રનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત સાંજે ૭.૧૫ વાગ્યે ભવ્ય ધૂપ આરતી સાથે મહાઆરતી કરવામાં આવશે. આ ઉપરાંત રાત્રીના પ્રહરપૂજાનો કાર્યક્રમ પણ યોજાનાર છે. લઘુરૂદ્ર તથા રાત્રી પ્રહરપૂજામાં બેસવા માટે સોમનાથ મહાદેવ મંદિરના મહારાજનો સંપર્ક કરવા તથા લાભ લેવા માટે ભાવિક ભકતોને સંસ્થાની સમિતિના પ્રિતેશભાઈ વ્યાસ, મહેન્દ્રભાઈ વ્યાસ અને કમલેશભાઈ ઉપાધ્યાય દ્વારા જણાવાયું છે.

# આર્ટ ઓફ લીવીંગ દ્વારા આયુર્વેદિક રસોઈની પાંચ દિવસીય શિબિર યોજાશે

ગાંધીનગર, તા.૧૭

શારીરિક અને માનસિક તંદુરસ્તી જાળવી અને તનાવમુકત અને હિંસામુકત સમાજની રચના કરવાના ઉદેશ સાથે આર્ટ ઓફ લીવીંગ સંસ્થા કાર્યરત છે. આ સંસ્થા દ્વારા યોગ, ધ્યાન, પ્રાણાયામને લગતા ઘણા કાર્યક્રમો યોજે છે અને આ સંસ્થા દ્વારા શ્વાસ પછી ખોરાકને અગત્યનો માનીને આયુર્વદિક રસોઈના ઉદ્દેશ્ય સાથે પાંચ દિવસીય શિબિર રાખવામાં આવી છે.

આ શિબિરમાં તેલના ઉપયોગ વગર રોજબરોજની રસોઈ, વાત-પિત્ત અને કફના દોષોનો દૂર કરતી રસોઈ, પાંચેય ઈન્દ્રિયોને સંતોષ આપે તેવી સ્વાદિષ્ટ અને સ્વાસ્થ્યપ્રદ રસોઈ શીખવવામાં આવશે. જેમાં સુપ, જયુસ, કેક, હળવો નાસ્તો અને રોજબરોજની રસોઈનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ શિબિર તા. ૨૪ ફેબ્રુઆરીથી ૨૮ ફેબ્રુઆરી દરમિયાન ૩ થી ૬ અને સાંજે ૭ થી ૧૦ દરમિયાન ૨, શિલ્પશ્રી સોસાયટી, ધોળેશ્વર મહાદેવ રોડ, રાંદેસણ ખાતે યોજાશે. આ અંગે વધુ માહિતી અને રજીસ્ટ્રેશન માટે ૯૭૨૩૧૬૮૨૦૪, ૯૪૨૬૩૦૦૩૦૩ પર સંપર્ક કરવા સુરેશભાઈ પરમાર દ્વારા જણાવાયું છે.

# નટવર હેડાઉના પુસ્તક 'સોનપરી આવી ખરી'નું લોકાર્પણ




ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગરના સેકટર-૨૩માં ફાર્મસી કોલેજના કેમ્પસમાં બ્રહ્માણી કૃપા હોલ ખાતે રવિવારે સાહિત્ય સભા તથા ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુકત ઉપક્રમે 'બાળ સાહિત્યની આજ અને આવતીકાલ' વિષયે સાહિત્યિક પરિસંવાદ યોજાઈ ગયો. આ પરિસંવાદમાં ગાંધીનગર સાહિત્ય સભાના અધ્યક્ષ નટવર હેડાઉના પુસ્તક 'સોનપરી આવી ખરી'નું લોકાર્પણ કરાયું હતું. આ પ્રસંગે જીસીઈઆરટીના નિયામક ટી.એસ. જોશી, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના રજીસ્ટ્રાર અશોક પ્રજાપતિ તથા બાળ સાહિત્યકારો યોસેફ મેકવાન, નટવર પટેલ, રવજી ગાબાણી સહિત બાલ સાહિત્ય અકાદમીના અધ્યક્ષ યશવંત મહેતા ઉપસ્થિત રહ્યા હતા.

# એસ.કે. પટેલ એમબીએ કોલેજમાં 'સિરાજ-૨૦૨૦'નું આયોજન

કડી સર્વ વિશ્વ વિદ્યાલય દ્વારા સંચાલિત એસ.કે. પટેલ ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમ્પ્યુટર સ્ટડીઝ એમબીએ દ્વારા સિરાજ ૨૦૨૦નું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ ૧૯ અને ૨૦ ફેબ્રુઆરી ૨૦૨૦ના એસ.કે. પટેલ ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમ્પ્યુટર સ્ટડીઝ એમબીએ સેકટર-૨૩, ઘ-૬, ગાંધીનગર ખાતે યોજાશે. આ કાર્યક્રમમાં ગુજરાતી ફિલ્મ જગતના ખ્યાતનામ કલાકાર પ્રતિક ગાંધી (ગોરી રાધાને કાળો કાન ફેમ) હાજર રહેશે. આ કાર્યક્રમ અંતર્ગત સમગ્ર ગુજરાતની વિવિધ કોલેજના આશરે ૧૫૦૦ વિદ્યાર્થીઓ વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લેશે.

# એક કલાકની જહેમતના અંતે ઊંડી ગટરમાં પડી ગયેલા ગલૂડિયાંને બચાવી લેવાયું





ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગરના સેકટર-૧માં સવારે એક ગલુડિયું ઊંડી ગટરમાં પડી જવા પામ્યું હતું જનો બચાવવા શહેરમાં જીવદયા પ્રેમી યુવાનોના પ્રકૃતિ યુવા સંગઠનના યુવાનો પર રેસ્કયુ કોલ આવ્યો હતો. આ સંગઠનના બે યુવા સ્વયંસેવકો ધવલ રાઠોડ અને આશુતોષ તિવારીએ ગાંધીનગર ફાયર બ્રિગેડ અને ઈમરજન્સી સ્ટાફને જાણ કરી તેમની સાથે ઘટના સ્થળે ધસી ગયા હતા. ફાયરબ્રિગેડ અને ઈમર્જન્સી સ્ટાફ સાથે મળીને બંને યુવાનોએ આશરે એકાદ કલાકની જહેમતના અંતે એ નાનકડા જીવ ગલૂડિયાંને બહાર કાઢી બચાવવામાં સફળતા મેળવી હતી. સમગ્ર ઓપરેશન દરમિયાન ગલૂડિયાંની માતા આસાપાસમાં જ આકુળ વ્યાકુળ થઈને ફર્યા કરતી હતી અને ઓપરેશનને નિહાળી રહી હતી. જેવું ગલૂડિયું ગટરની બહાર આવ્યું કે તે તરત દોડીને તેની પાસે ધસી ગઈ હતી. ગલૂડિયાંની માતાએ પોતાના પેટ જણ્યાને મોતના મુખમાંથી પરત આવેલો જોઈ જે ખુશી વ્યકત કરી હતી તો જોઈએ યુવા સ્વયંસોવકો સહિત ઓપરેશનમાં જોડાયેલા તમામના ચહેરાં પણ આનંદથી ખિલી ઉઠયા હતા અને તેમને પોતાની મહેનત સાર્થક થયેલી જણાઈ હતી.

# રોજના ૨૦ લાખ ટન કોલસાનું ઉત્પાદન કરતા 'કોલ ઈન્ડિયા'નું લાઈવ વર્કિંગ મોડેલ...!!!

## મહાત્મા મંદિર ખાતે ચાલી રહેલ આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ સાથે યોજાયેલા પ્રદર્શનમાં કોલસાની ખાણનું મોડેલ મુલાકાતીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે આંતરરાષ્ટ્રીય કક્ષાની કોન્ફરન્સ ઓફ પાર્ટીઝ યોજાઈ છે જેમાં સ્થળાંતર કરી જતા વન્ય પ્રાણીઓની પ્રજાતિઓના સંરક્ષણ અંગે વિશ્વના આશરે સવાસોથી વધુ દેશોના નિષ્ણાંત પ્રતિનિધીઓ મળીને ચર્ચાઓ કરવા સાથે માહિતીનું આદાન પ્રદાન કરી રહ્યા છે. આ કોન્ફરન્સની સાથે પ્રદર્શનીનું પણ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વિવિધ રાજયોના વન વિભાગ, પર્યાવરણ વિભાગ, સરકારી કંપનીઓ તથા સ્વૈચ્છિક સંસ્થાઓ વગેરેએ વન્યજીવ સૃષ્ટિ, પર્યાવરણના જતન તથા પ્રાકૃતિક સંપદા આધારિત તેમના કાર્યોનું નિદર્શન તથા માહિતી પુરી પાડવા પ્રયાસ કર્યો છે. આ પ્રદર્શનમાં ભારતની 'કોલ ઈન્ડિયા' કંપની દ્વારા કોલસાની ખાણોમાંથી કેવી રીતે કોલસો કાઢવામાં આવે છે તે અંગે લાઈવ ડેમોસ્ટ્રેશન દેખાડતું મીનીએચર સીસ્ટમ આધારિત વર્કિંગ મોડેલ પ્રસ્તુત કર્યું છે જે મુલાકાતીઓને આકર્ષી રહ્યું છે.

'કોલ ઈન્ડિયા' ના સ્ટોલ પર કોલસાની ખાણમાં કેવી રીતે ખોદકામ કરવામાં આવે છે, કેવા સાધનો તથા લોડ કેરિયર્સનો ઉપયોગ કરવામાં આવે છે, ખોદીને કાઢવામાં આવેલા કોલસાને સ્વચ્છ કરવા માટે કેવો પ્લાન્ટ હોય છે, જે કેવી રીત કામ કરે છે તે દરેક બાબતોને આસાનીથી સમજી શકાય તે રીતનું લાઈવ વર્કિંગ મોડેલ બનાવવામાં આવ્યું છે. આ મોડેલમાં ખોદકામ કરતા મંજાવર જેસીબી મશીનો, લોડ કેરિયર તરીકે વપરાતા હેવી ડમ્પર્સ તથા ખાણમાંથી કાઢેલ કોલસાને સ્વચ્છ કરતો પ્લાન્ટ વગેરેનું આબેહૂબ મોડેલ બનાવાયું છે. જે જોઈને મુલાકાતીઓ અચરજ પામી રહ્યાં છે. 'કોલ ઈન્ડિયા'ના સીએમપીડીઆઈ એન્વાર્યમેન્ટ વિભાગના જનરલ મેનેજર અભિજીત સિંહાએ જણાવ્યું હતું કે 'ભારતના બંગાળ, આસામ, અરૂણાચલ પ્રદેશ, ઝારખંડ, ઓરિસ્સા, છત્તીસગઢ, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, મહારાષ્ટ્ર અને તેલંગાણા રાજયોમાં જ કોલસાની ઉપલબ્ધિ છે. કોલ ઈન્ડિયા દ્વારા આ રાજયોની તમામ ખાણોમાં મળીને પ્રતિદિન ૨૦ લાખ ટન કોલસો બહાર કાઢવામાં આવે છે. જે પ્રતિ વર્ષ ૭ હજાર લાખ ટન કોલસાનું ઉત્પાદન થાય છે. કોલ ઈન્ડિયામાં ૩ લાખ કર્મચારીઓ કાર્યરત છે. આ એક સંપૂર્ણ પણે ભારત સરકારની કંપની છે જે દેશને કોલસો પુરો પાડવા સાથે સારી એવી આવક પણ રળી આપે છે.' આ સાથે તેમણે જણાવ્યું હતું કે 'કોલ ઈન્ડિયા દ્વારા જે ખાણમાંથી કોલસો પુરેપુરો કાઢી લેવામાં આવે તે ખાણને પુરી દેવામાં આવે છે અને બહાર કાઢેલા કોલસા જેટલાં ભાગનો ખાડો રહે છે તેમાં પાણી ભરીને તેની ફરતે જંગલ ઉભું કરી દેવામાં આવે છે પર્યાવરણની જતન માટે ખૂબ ઉપયોગી બને છે.'




### કોલસો કાઢવા ૨૮૦ ટનની કેપેસીટીના વિશાળકાય ડમ્પરો વપરાય છે

'કોલસાની ખાણમાંથી કોલસો બહાર લાવવા જે ડમ્પરો વપરાય છે તેની સાઈઝ રેલ્વેના એક કન્ટેનર કરતા પણ મોટી હોય છે અને એક ડમ્પરની કેપેસીટી લઘુત્તમ ૮૦ ટનથી માંડીને ૨૮૦ ટન સુધીના વિશાળકાય ડમ્પરોનો પણ ઉપયોગ કરાય છે.' કોલ ઈન્ડિયાના એન્વાર્યમેન્ટ વિભાગના જનરલ મેનેજર અભિજીત સિહાએ વધુ માહિતી આપતા જણાવ્યું હતું કે, 'ખાણ ૫૦ મીટરથી વધુ ઊંડી થઈ જાય પછી તેમાંથી કોલસાની ડસ્ટ ઉડીને બહાર આવી શકતી નથી અને કોલસો જમીનમાં ઉંડે જ હોય છે તેથી પર્યાવરણને કે જાહેર જનતાને તેનાથી કોઈ નુકશાન થતું નથી'.



## મુવી હાઉસ

**પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧**
**લવ આજ કલ ૨૦૨૦**
૯.૦૦, ૧૦.૦૦, ૧૧.૦૦, ૧૨.૦૫, ૧.૦૫, ૨.૦૫, ૩.૧૦, ૪.૧૦, ૬.૧૫, ૭.૧૫, ૯.૨૦, ૧૦.૨૦
**મલંગ**
૧૦.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૧.૦૦
**સ્ટ્રીટ ડાન્સર** - ૧.૦૦
**સફળતા ઝીરો કિમી** (ગુજરાતી)
૧૦.૧૫

**સિટી પલ્સ, કુડાસણ**
**લવ આજ કલ ૨૦૨૦**
૧૧.૩૦, ૧.૦૦, ૨.૩૦, ૪.૦૦, ૫.૩૦, ૭.૦૦, ૯.૩૦, ૧૦.૦૦
**મલંગ**
૩.૩૦, ૯.૩૦
**તાન્હાજી** - ૬.૩૦
**શિકારા** - ૧૨.૪૫
**સ્ટ્રીટ ડાન્સર** - ૧૨.૩૦
**અફરા તફરી (ગુજરાતી)**
૩.૪૫
**ચાલ જીવી લઈએ (ગુજરાતી)**
૬.૪૫
**સફળતા ઝીરો કિમી** (ગુજરાતી)
૯.૪૫

**આર વર્લ્ડ, આઈનોકસ, સે-૧૬**
**લવ આજ કલ ૨૦૨૦**
૯.૧૫, ૧૦.૧૫, ૧૧.૧૫, ૧૨.૧૫, ૧.૧૫, ૨.૧૫, ૩.૧૫, ૪.૧૫, ૫.૧૫, ૬.૧૫, ૭.૧૫, ૮.૧૫, ૯.૧૫, ૧૦.૧૫
**મલંગ**
૧૦.૦૦, ૧.૨૦, ૭.૧૦, ૧૦.૦૦
**સ્ટ્રીટ ડાન્સર ૩**
૪.૧૦
**તાન્હાજી**
૧૦.૩૦
**સફળતા ૦ કીમી (ગુજરાતી)**
૯.૪૫
**અફરા તફરી (ગુજરાતી)**
૧૨.૦૦

**આર વર્લ્ડ, આઈનોકસ, સે-૨૧**
**લવ આજ કલ ૨૦૨૦**
૯.૦૦, ૧૦.૧૫, ૧૦.૪૫, ૧૧.૪૫, ૧.૧૫, ૧.૪૫, ૨.૪૫, ૪.૪૫, ૫.૪૫, ૭.૪૫, ૮.૪૫, ૧૦.૪૫
**મલંગ**
૯.૪૦, ૪.૪૦, ૭.૩૫, ૧૦.૩૦
**સ્ટ્રીટ ડાન્સર ૩**
૧.૦૫
**તાન્હાજી**
૧૦.૧૫
**સફળતા ૦ કીમી (ગુજરાતી)**
૪.૦૫
**અફરા તફરી (ગુજરાતી)**
૧૦.૦૦
**ચાલ જીવી લઈએ**
૧૨.૧૫

# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે ડાયરો અને સન્માન સમારંભ યોજાશે

ગાંધીનગર, તા.૧૭

વિશ્વ માતૃભાષા દિન નિમિત્તે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ગાંધીનગર અને માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન ગાંધીનગર દ્વારા તા. ૨૩ ફેબ્રુઆરીના રોજ ડાયરો અને સન્માન સમારંભ યોજાશે. માતૃભાષા સજ્જતા, સંરક્ષણ અને સંવર્ધન ક્ષેત્રે વિવિધ શ્રેણીઓમાં આપેલ યોગદાન માટેના પુરસ્કારોથી સન્માનિત કરવાનો આ પ્રસંગ સાંજે ૭ વાગ્યે સે-૨૦ સ્થિત ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી પ્રાંગણ ખાતે યોજાશે. જેમાં કવિ તુષાર શુકલ તથા લોકગાયક ભીખુદાન ગઢવી (ગાંધીનગર) અને સાથી કલાકારો દ્વારા ભારતીય પરિવારની સંકલ્પના તથા માતૃભાષાનો મહિમા કરતો ડાયરો યોજાશે.

## ચિરવિદાય

- સ્વ. મધુબેન નટવરલાલ પંડયા, ઉ.વ. ૭૧
- સ્વ. પટેલ મણીલાલ શંકરલાલ, ઉ.વ. ૮૦
- સ્વ. નિર્મળાબેન વિનુભાઈ ભેરવીયા, ઉ.વ. ૮૧
- સ્વ. ઈશ્વરભાઈ બબાભાઈ વાઘરી, ઉ.વ. ૭૦